**GJGS010006412025**

દાખલ તારીખ : ૦૪/૦૬/૨૦૨૫
નોંધ્યા તારીખ : ૦૪/૦૬/૨૦૨૫
નિર્ણય તારીખ : ૦૬/૦૫/૨૦૨૬
મુદત : વર્ષ–૦૦, માસ–૧૧, દિવસ–૦૨

==========================================================

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT (CRL) NO.(S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179 A– અન્વયેના નોટીફીકેશન નં. સી.૨૦૦૧–૯૩**
**તા.૨૦.૦૫.૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ**
**FORM–A**

==========================================================

**ગીર સોમનાથ જિલ્લાના સ્પેશ્યલ જજશ્રીની કોર્ટમાં, મુ. વેરાવળ**

----------------------------------------

**શ્રી જે. જે. પંડયા**
**સ્પેશ્યલ જજ**
**ગીર સોમનાથ, વેરાવળ**
**ચુકાદાની તા.૦૬/૦૫/૨૦૨૬**

----------------------------------------

**સ્પે. પોકસો કેસ નં.૦૬/૨૦૨૫**

----------------------------------------

| **એફ. આઇ. આર. ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન** | |
|---|---|
| **પોલીસ સ્ટેશન** | વેરાવળ સીટી પોલીસ સ્ટેશન ગુ.રજી. નં. ૧૧૧૮૬૦૦૯૨૫૦૪૩૬/૨૦૨૫ |
| **ગુનો** | ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૭૫(૧), ૭૬, ૩૫૧(૨), ૩૩૩ તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનીયમ ૨૦૧૨ ની કલમ ૧૨,૧૮ મુજબ |
| **તહોમતનામા મુજબ તહોમત** | ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૭૫(૧), ૭૬, ૩૫૧(૨), ૩૩૩ તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનીયમ ૨૦૧૨ ની કલમ ૧૨,૧૮ મુજબ |
| **ફરીયાદી** | શ્રી સરકાર<br>મુળ ફરીયાદી |
| **વિ. એ. પી. પી. શ્રી** | શ્રી કે.ડી.વાળા |
| | |

| | |
|---|---|
| **આરોપી** | **આદીલ ઉર્ફે ગાંધી અયુબ ચૌહાણ,**<br>ઉ.વ.૨૫, ધંધો–મજુરી,<br>રે.વેરાવળ, જી.ગીરસોમનાથ. |
| આરોપી તરફે | વિ. એડી.ચીફ એલ.એ.ડી.સી. શ્રી એ.કે.ચૌહાણ |

**FORM-B**

| | |
|---|---|
| **ગુનો બન્યાની તારીખ** | ૨૯.૦૪.૨૦૨૫ |
| **ફરીયાદની તારીખ** | ૩૦.૦૪.૨૦૨૫ |
| **ચાર્જશીટની તારીખ** | ૦૪.૦૬.૨૦૨૫ |
| **તહોમત ફરમાવ્યાની તારીખ** | ૨૯.૦૮.૨૦૨૫ |
| **પુરાવો શરૂ કર્યાની તારીખ** | ૨૫.૦૮.૨૦૨૫ |
| **ચુકાદો સંક્ષીપ્તમા રાખ્યાની તારીખ** | ૦૬.૦૫.૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | ૦૬.૦૫.૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો** | – |

## આરોપીની વિગત

| નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર? | શુ સજા કરી ? | ક્રિ. પ્રો. કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે ? |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **આદીલ ઉર્ફે ગાંધી અયુબ ચૌહાણ,** | ૩૦.૦૪.૨૦૨૫ | જયુડી. કસ્ટડીમાં | બી. એન. એસ. એકટની કલમ–૭૫(૧) વિગેરે | કસુરવાર | બી. એન. એસ. એકટની કલમ–૭૫(૧) વિગેરે મુજબ | આજદિન સુધી |

**FORM-C**

## ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટ સાહેદોનું લીસ્ટ

## (એ) ફરીયાદપક્ષ તરફે મૌખિક પુરાવો :–

| સાહેદ નં. | સાહેદનુ નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧ | શ્રવેતાકુમારી વિદ્યાભુશન જયસ્વાલ | ફરિયાદી | ૦૮ |
| ૨ | વિદ્યાભુશન અરવિંદકુમાર જયસ્વાલ | ભોગબનનારના પિતા/સાહેદ | ૧૩ |
| ૩ | ભોગબનનાર | ભોગબનનાર | ૧૪ |
| ૪ | રમેશભાઈ મેરામણભાઈ પરમાર | પંચસાહેદ | ૧૫ |
| ૫ | હરેશભાઈ કરશનભાઈ વાજા | પંચસાહેદ | ૧૭ |
| ૬ | ફરહાન ઈબ્રાહીમભાઈ પીખોર | પંચસાહેદ | ૧૯ |
| ૭ | અમીન હનીફભાઈ કાબાવલીયા | પંચસાહેદ | ૨૨ |
| ૮ | ડો.વિનોદકુમાર રમેશચંદ્ર ભંભાણી | તબીબી સાહેદ | ૨૪ |
| ૯ | હિતેશકુમાર હિંમતલાલ ચુડાસમાં | સાહેદ | ૩૦ |
| ૧૦ | કાજલ રણમલભાઈ સુવા | ત. ક. અધિકારી | ૩૧ |

## ફરીયાદપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા

| અ. નં. | દસ્તાવેજનુ નામ | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૦૯ |
| ૨ | ચેકલીસ્ટ | ૧૦ |
| ૩ | ભોગબનનારના આધારકાર્ડની નકલ | ૧૧ |
| ૪ | ભોગબનનારનુ કોર્ટ રૂબરૂનુ નિવેદન | ૧૨ |
| ૫ | વિડીયોગ્રાફી કરેલ તેનુ પંચનામુ | ૧૬ |
| ૬ | મુદ્દામાલ કબજે કર્યાનુ પંચનામુ | ૧૮ |
| ૭ | ભોગબનનારના કપડા કબજે કર્યાનુ પંચનામુ | ૨૦ |
| ૮ | પેનડ્રાઈવ કબજે કર્યાનુ પંચનામુ | ૨૩ |
| ૯ | ભોગબનનારની મેડીકલ તપાસણી કરી નમુના લેવા કરેલ પત્ર, કેસપેપર્સ | ૨૫ |
| ૧૦ | ભોગબનનારનુ એમ.એલ.સી. સર્ટીફીકેટ | ૨૬ |
| ૧૧ | આરોપીની મેડીકલ તપાસણી કરી નમુના લેવા કરેલ પત્ર, કેસપેપર્સ | ૨૭ |
| ૧૨ | આરોપીનુ એમ.એલ.સી. સર્ટીફીકેટ | ૨૮ |
| ૧૩ | ડેપ્યુટ હુકમ | ૩૨ |

| | | |
|---|---|---|
| ૧૪ | ભોગબનનારની સ્કુલને ભોગબનનારની જન્મતારીખનો આધાર મેળવવા કરેલ યાદી | ૩૩ |
| ૧૫ | રવાનગીનોંધ | ૩૪ |
| ૧૬ | મુદામાલ પૃથ્થકરણ કરવા અને તપાસણી કરી અભિપ્રાય આપવા મુદામાલ યાદી | ૩૫ |
| ૧૭ | મુદામાલ પૃથ્થકરણ સંબંધેનો અભિપ્રાય, ફોરવર્ડીંગ લેટર | ૩૬–૩૭ |

**॥ ચુકાદો ॥**

૧. આરોપી **ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૭૫(૧), ૭૬, ૩૫૧(૨), ૩૩૩ તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ ૨૦૧૨ ની કલમ–૧૨,૧૮** મુજબના શીક્ષાને પાત્ર ગુન્હા અંગેની ઈન્સાફી કાર્યવાહીનો સામનો કરી રહેલા છે.

૨. **ફરિયાદપક્ષની ટુંકમાં હકીકત એવી છે કે,** તા.૨૯/૦૪/૨૦૨૫ ના કલાક ૧૮:૩૦ વાગ્યે વેરાવળ નટરાજ એપાર્ટમેન્ટમાં આવેલ આ કામના ફરીયાદીના ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કરી ફરીયાદીની સગીર વયની દિકરી ઉ.વ.૮ વર્ષ ૪ માસ ૧૪ દિવસવાળીને ઘર જોવાના બહાને બેડરૂમમાં લઈ જઇ તેના કપડા કઢાવી કાઢી હાથ પકડી બદકામ કરવાના ઈરાદે બેડ ઉપર સુવડાવી શારીરીક અડપલા કરી ભોગબનનારને કહેલ કે આ વાત કોઇને કરતી નહી બાકી તારી મમ્મીની નોકરી જતી રહેશે તેવી ધમકી આપી ગુનો કરી ગુન્હો કરેલ હોય તે અંગેની ફરિયાદ વેરાવળ સીટી પોલીસ સ્ટેશન ગુ.રજી.નં. ૧૧૧૮૬૦૦૯૨૫૦૪૩૬/૨૦૨૫ થી **ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૭૫(૧), ૭૬, ૩૫૧(૨), ૩૩૩ તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ ૨૦૧૨ ની કલમ–૧૨,૧૮** મુજબનો ગુન્હો આરોપી વિરૂદ્ધ દાખલ કરેલ. ત.ક. અમલદારે ગુના અંગેની પુરતી તપાસ કર્યા બાદ આરોપી વિરૂદ્ધ **ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૭૫(૧), ૭૬, ૩૫૧(૨), ૩૩૩ તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ ૨૦૧૨ ની કલમ–૧૨,૧૮** મુજબનો પુરાવો ઉપરોક્ત ગુના અંગેની તહોમતનામું ફરમાવવા પુરતા પુરાવા જણાતા હોય આરોપી વિરૂદ્ધ

અત્રેની ખાસ અદાલત સમક્ષ ઉપરોક્ત ગુન્હા (તહોમતનામું) સી.આર.પી.સી.કલમ–૧૭૩ અન્વયેનો રીપોર્ટ આખરી અહેવાલ રજુ કરેલ.

**3.** તહોમત સંબંધે પક્ષકારોની દલીલ તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવા લક્ષમાં લેતા આરોપી વિરૂદ્ધ **ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૭૫(૧), ૭૬, ૩૫૧(૨), ૩૩૩ તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનીયમ ૨૦૧૨ ની કલમ ૧૨,૧૮** ગુન્હા સબબ તહોમત ફરમાવવા માટે પુરતા અને વાજબી કારણો જણાતા હોય આરોપીને તહોમતનામાની નકલ તેમજ ફરિયાદ પક્ષે રજુ કરેલ પુરાવાની નકલ ફોજદારી કાર્યરીતી સંહિતા ૧૯૭૩ ની કલમ–૨૦૭ અન્વયે મળ્યાની ખાત્રી કરી આરોપી વિરૂદ્ધ ઉપરોક્ત ગુન્હા અંગેનું તહોમત સી.આર.પી.સી.કલમ–૨૨૬ અન્વયે **આંક–૦૬** થી ફરમાવેલ છે અને **આંક–૦૭ થી** આરોપીની પ્લી લેતા આરોપીએ ઈન્સાફી કાર્યવાહીની માંગણી કરતા આરોપી વિરૂદ્ધ તહોમતની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. જે દરમ્યાન ફરિયાદપક્ષે નીચે મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**(એ) <u>ફરીયાદપક્ષ તરફે મૌખિક પુરાવો :–</u>**

| **સાહેદ નં.** | **સાહેદનુ નામ** | **વિગત** | **આંક** |
|---|---|---|---|
| ૧ | શ્રવેતાકુમારી વિધ્ધાભુશન જયસ્વાલ | ફરિયાદી | ૦૮ |
| ૨ | વિધ્ધાભુશન અરવિંદકુમાર જયસ્વાલ | ભોગબનનારના પિતા/સાહેદ | ૧૩ |
| ૩ | ભોગબનનાર | ભોગબનનાર | ૧૪ |
| ૪ | રમેશભાઈ મેરામણભાઈ પરમાર | બનાવવાળી જગ્યાના પંચનામાના પંચસાહેદ | ૧૫ |
| ૫ | હરેશભાઈ કરશનભાઈ વાજા | અટક પંચનામાના પંચસાહેદ | ૧૭ |
| ૬ | ફરહાન ઈબ્રાહીમભાઈ પીખોર | પંચસાહેદ | ૧૯ |
| ૭ | અમીન હનીફભાઈ કાબાવલીયા | પંચસાહેદ | ૨૨ |
| ૮ | ડો.વિનોદકુમાર રમેશચંદ્ર ભંભાણી | તબીબી સાહેદ | ૨૪ |

| | | | |
|---|---|---|---|
| ૯ | હિતેશકુમાર હિંમતલાલ ચુડાસમાં | સાહેદ | ૩૦ |
| ૧૦ | કાજલ રણમલભાઈ સુવા | ત. ક. અધિકારી | ૩૧ |

**<u>ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા</u>**

| **અ. નં.** | **દસ્તાવેજનુ નામ** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૦૯ |
| ૨ | ચેકલીસ્ટ | ૧૦ |
| ૩ | ભોગબનનારના આધારકાર્ડની નકલ | ૧૧ |
| ૪ | ભોગબનનારનુ કોર્ટ રૂબરૂનુ નિવેદન | ૧૨ |
| ૫ | વિડીયોગ્રાફી કરેલ તેનુ પંચનામુ | ૧૬ |
| ૬ | મુદામાલ કબજે કર્યાનુ પંચનામુ | ૧૮ |
| ૭ | ભોગબનનારના કપડા કબજે કર્યાનુ પંચનામુ | ૨૦ |
| ૮ | પેનડ્રાઇવ કબજે કર્યાનુ પંચનામુ | ૨૩ |
| ૯ | ભોગબનનારની મેડીકલ તપાસણી કરી નમુના લેવા કરેલ પત્ર, કેસપેપર્સ | ૨૫ |
| ૧૦ | ભોગબનનારનુ એમ.એલ.સી. સર્ટીફીકેટ | ૨૬ |
| ૧૧ | આરોપીની મેડીકલ તપાસણી કરી નમુના લેવા કરેલ પત્ર, કેસપેપર્સ | ૨૭ |
| ૧૨ | આરોપીનુ એમ.એલ.સી. સર્ટીફીકેટ | ૨૮ |
| ૧૩ | ડેપ્યુટ હુકમ | ૩૨ |
| ૧૪ | ભોગબનનારની સ્કુલને ભોગબનનારની જન્મતારીખનો આધાર મેળવવા કરેલ યાદી | ૩૩ |
| ૧૫ | રવાનગીનોંધ | ૩૪ |
| ૧૬ | મુદામાલ પૃથ્થકરણ કરવા અને તપાસણી કરી અભિપ્રાય આપવા મુદામાલ યાદી | ૩૫ |
| ૧૭ | મુદામાલ પૃથ્થકરણ સંબંધેનો અભિપ્રાય, ફોરવર્ડીંગ લેટર | ૩૬–૩૭ |
| ૧૮ | મુદામાલ પરીક્ષણ બાબતે લખેલ પત્ર | ૩૮ |

**૪.** ફરિયાદ પક્ષે **આંક–૩૯** થી પોતાનો પુરાવો પુરો થયાનું પુરસીસથી જાહેર કરતા આરોપીનું ક્રિ.પ્રો. કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવેલ છે જેમાં આરોપીએ તેઓની વિરૂદ્ધ ફરિયાદ પક્ષના સાહેદોએ આપેલ પુરાવાનો ઈન્કાર કરેલ છે અને પોતાના બચાવ પક્ષે સાહેદો તપાસવા નથી કે

બચાવ પક્ષે કોઇ પુરાવો રજુ કરવો નથી તેવું જાહેર કરેલ છે. તેમજ વિશેષમાં જણાવેલ છે કે, "અમો નિર્દોષ છીએ, અમારી ઉપર શંકા રાખી ગુનામાં સંડોવેલ છે, ગુના અંગે અમો કશુ જાણતા નથી, અમો તદ્દન નિર્દોષ છીએ, અમોને છોડી મુકવા નમ્ર અરજ છે. "

**૫.** ઉપરોકત હકીકતના આધારે મારી સમક્ષ નીચેનો મુદ્દો ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દા::-**

**મુદ્દા નં. ૧** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબીત કરે છે કે, ભોગબનનાર સગીર વયના છે તેમજ તા.૨૯/૦૪/૨૦૨૫ ના કલાક ૧૮-૩૦ વાગ્યે વેરાવળ નટરાજ એપાર્ટમેન્ટમાં આવેલ આ કામના ફરીયાદીના ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કરી ફરીયાદીની સગીર વયની દિકરી ઉ.વ.૮ વર્ષ ૪ માસ ૧૪ દિવસવાળીને ઘર જોવાના બહાને બેડરૂમમાં લઇ જઇ તેના કપડા કઢાવી કાઢી હાથ પકડી બદકામ કરવાના ઇરાદે બેડ ઉપર સુવડાવી શારીરીક અડપલા કરી ભોગબનનારને કહેલ કે આ વાત કોઇને કરતી નહી બાકી તારી મમ્મીની નોકરી જતી રહેશે તેવી ધમકી આપી ગુનો કરી **ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૭૫(૧), ૭૬, ૩૫૧(૨), ૩૩૩ તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનીયમ ૨૦૧૨ ની કલમ ૧૨,૧૮** મુજબનો ગુનો કરેલ છે?

**મુદ્દા નં.૨** શું હુકમ ?

**૬.** ઉપરોક્ત મુદ્દા સંદર્ભેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**મુદ્દા નં. ૧** હકારમા.

**મુદ્દા નં. ૨** આખરી હુકમ મુજબ.

**-:: દલીલ ::-**

**૭.** આરોપીનુ વિશેષ નિવેદન લેતા તેઓએ બચાવપક્ષે કોઇ પુરાવો રજુ કરવો ન હોય તેવુ જાહેર કરતા ફોજદારી કાર્યરીતી સંહિતા ૧૯૭૩ ની કલમ-૨૩૪ અન્વયે બંને પક્ષકારોના વિધ્વાન વકિલશ્રીની દલીલો સાંભળી.

**૭.૧** ફરીયાદપક્ષે વિધ્વાન પબ્લીક પ્રોસીકયુટરશ્રી કે.ડી.વાળાની દલીલ છે કે, તા.૧૯.૦૨.૨૦૨૫ ના રોજ આરોપીએ ફરિયાદીની સગીર વયની દિકરીને હાથ પકડીને અડપલા કરેલ. આજુબાજુના સીસીટીવી કેમેરા વગેરે ધ્યાને લેતા હાલના આરોપીએ જ ભોગબનનારના ઘરમાં ઘુસીને આવુ કૃત્ય કરેલુ તેવુ સાબીત થાય છે. અગાઉ પણ આરોપીએ અન્ય મહીલાની છેડતી કરેલી. ભોગબનનાર તેમજ તેની માતાએ સમગ્રપણે ફરિયાદ મુજબ પુરાવો આપેલ છે. ફરિયાદવાળી હકીકત સાબીત થાય છે. બાળકની જન્મતારીખ ૧૬.૧૨.૨૦૧૬ ની છે તેવુ સાબીત થયેલ છે જે તમામ હકીકત ધ્યાને લઇ આરોપીને સખત સજા કરવા વિનંતી છે.

૮. આરોપી તરફે વિ.એડી.એલ.એ.ડી.સી.એ.કે.ચૌહાણનાઓએ આંક–૪૨ થી લેખિત રજુ કરેલ છે તેમજ મૌખિક દલીલ કરતા એવી રજુઆત કરેલ છે કે, ફરિયાદપક્ષના તમામ સાહેદો હીઅર સે વિટનેશ છે. ફરિયાદ જોતા ફરિયાદીની દિકરીએ તેના ઘરે આવનાર કોઇ વ્યકિતની ઓળખ થાય તેવી કોઇ હકીકત જણાવેલ નથી તેમજ આરોપીની ઓળખ સ્થાપિત થાય તેવો કોઇ પુરાવો રજુ થયેલ નથી. ફરિયાદ સાડા સાત કલાક મોડી છે. ફરિયાદી ફરિયાદ હકીકત કરતા જુદી જ જુબાની આપે છે. ફરિયાદી કેટલામાં માળે રહે છે તે પણ સાબીત થતુ નથી. ફરિયાદી ઘરે પહોંચેલ ત્યારે તેની દિકરીએ કપડા પહેરેલ હતા કે નહી તેવુ ફરિયાદમાં લખાવેલ નથી. બાળક તેના માતા–પિતા શિખવાડે છે તેમ બોલે છે તેવુ ઉલટતપાસમા જ કબુલેલ છે. બાળકે સીસીટીવી કેમેરા વિશે કશુ કહેલ નથી. હાલનો કેસ સીસીટીવી કેમેરા ઉપર આધારીત છે પરંતુ સીસીટીવી કેમેરાનો કોઇ પુરાવો સાબીત થતો નથી. કલમ–૨૯ હેઠળનુ અનુમાન થઇ શકે તેવા પાયાની હકીકતો પણ સાબીત થતી ન હોય **DEBRAJ DUTTA VERSUS THE STATE OF WEST BENGAL & ANR. CRIMINAL APPEAL NO. 16838 of 2025** ના ચૂકાદામાં ઠરાવ્યા મુજબ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી છે.

**<u>-॥ પુરાવાનું મુલ્યાંકન ॥-</u>**

૯. આ કામના ફરિયાદી શ્રવેતાકુમારી વિદ્યાભુષણ જયસ્વાલનો પુરાવો આંક-૮ થી નોંધવામાં આવેલ છે તેઓ એવો પુરાવો આપે છે કે, તેઓ યુકો બેંકમાં ફરજ બજાવે છે. મારે સંતાનમાં એક દિકરી છે. મારા પતિ દિવ ખાતે બેંક ઓફ બરોડામાં નોકરી કરે છે. તા.૨૯.૦૪.૨૦૨૫ ના રોજ સાંજના ૬:૩૦ વાગ્યે નોકરી પુરી થતા હું મારા ઘરે પહોંચેલ ત્યારે મારી છોકરીનો રડવાનો અવાજ બારણા પાસેથી સંભળાયેલો. મારી છોકરીએ બારણુ ખોલવાનુ જણાવતા તેણે બારણુ ખોલેલ. અંદર ગયેલ ત્યારે તે ગભરાયેલી હતી અને રડતી હતી. ઉપરનુ કપડુ પહેરેલ ન હતુ અને નીચે પેન્ટ પહેરેલ હતુ અને રડતી હતી. મે મારી છોકરીને પુછતા તેણે એવુ જણાવેલ કે, થોડી વાર પહેલા એક માણસ બારણા પાસે આવેલ. ત્રણ-ચાર વખત બેલ મારેલ. મે પુછેલ કે, કોણ છો કોણ છો? પણ તેણે જવાબ આપેલ નહી. ટીવી ચાલુ હતુ જેથી મને લાગેલુ કે, મમ્મી હશે જેથી મે બારણુ ખોલેલુ તે અંદર આવી ગયા અને ઘરમાં આંટો મારેલો અને કહેલ કે, તારુ ઘર બતાવ. અને પાણી પીવડાવ. પાણી પીવડાવવાનુ કહેતા છોકરીએ પાણી આપ્યુ તો તેણે એવુ કહેલ કે ઠંડુ પાણી નથી? મારી છોકરીએ કહેલ કે, ઠંડુ પાણી નથી. મારા છોકરીને બેડરૂમમાં લઇ ગયેલ અને બેડરૂમનો દરવાજો બંધ કરી કપડા ઉતારવાનુ કહેલ, છોકરીએ ટીશર્ટ ઉતારેલ. બીજા કપડા ઉતારવાનુ કહેતા મારી છોકરીએ કહેલ કે, અંકલ આવુ ન કરો અને છોડી દેવાનુ કહેલ પરંતુ છોડેલ નહી. નીચેના કપડા નહી ઉતારતા હાથ પકડીને દબાવેલ અને કહેલ કે નહી ઉતાર તો બારણુ બંધ કરીને જતો રહીશ. મારી છોકરીનુ પેન્ટ પણ આ છોકરાએ ઉતારી નાખેલ અને બેડ ઉપર સુઇ જવાનુ કિધેલ અને પછી કપડા પહેરી લેવાનુ કિધેલ અને રૂમમાથી બહાર આવી મારી છોકરીને એવુ કિધેલ કે, હું બેંકનો મોટો અધિકારી છુ. આ વાત કોઇને કરીશ તો તારી મમ્મીની નોકરી છીનવી લઇશ. મે મારી પતિને ફોન કરેલો. તેના મિત્ર હિતેશભાઇને ફોન કરેલ. હિતેશભાઇ અમારા ઘરે આવેલ. ડો.ચૌટાઇ સાહેબને ત્યાં સીસીટીવી ચેક કરેલ હતા તે ચેક કરેલા તેમાં એક છોકરો જોવા મળેલો તે અમારી છોકરીને મોબાઇલમાં બતાવતા ઘરે જે છોકરો આવેલો અને તેની સાથે આવુ કરેલુ તે જ છોકરો છે તેવુ મારી છોકરીએ

જણાવેલુ. ત્યારબાદ પોલીસસ્ટેશનના ફરિયાદ આપેલ જે ફરિયાદ મને હિંદીભાષામાં પણ સમજાવેલી જે આંક–૦૯ થી રજુ થયેલ છે અને છોકરીના આધારકાર્ડની નકલ આંક–૧૧ થી અને માર્ક ૧૦/૨૦ થી જન્મતારીખનો દાખલો રજુ થયેલ છે. તે મારી દિકરીનો છે તેવુ જણાવેલ. બીજા દિવસે મારી છોકરીને જજસાહેબ પાસે લઈ ગયેલ ત્યાં નિવેદન લીધેલ તે નિવેદનમાં મારી સહી છે જે આંક–૧૨ થી રજુ થયેલ છે. અને આરોપીને ઓળખી બતાવેલ છે. આ સાહેદની વિસ્તૃત ઉલટતપાસ આરોપીના વિ.વ.શ્રીએ કરેલ છે જેમાં તે એવો પુરાવો આપે છે કે, ડોકટરે મને અને મારી છોકરીને બંનેને પુછેલ અને તે મુજબ લખેલુ મારી છોકરીનો સ્કુલનો સમય ૧૨ થી ૬ નો છે. સ્કુલથી ઘરે આવવામાં ૧૫–૨૦ મીનીટનો સમય થાય છે. અમારી બેંકનો ટાઇમ દસ થી પાંચ નો છે. અમારા એપાર્ટમેન્ટમાં સીસીટીવી કેમેરા નથી. અમે ભાડે રહીએ છીએ. અમે ફરિયાદ કરવા ગયા ત્યારે મારા પતિ તથા તેના મિત્ર હિતેશભાઈ સાથે હતા. મારી છોકરીએ તેની સાથે જે છોકરાએ આવુ કરેલ તે છોકરાનુ વર્ણન બતાવેલુ. અને એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે, આરોપીની ઓળખ થાય તેવી કોઈ હકીકત અમોએ પોલીસને ફરિયાદમાં લખાવેલ નથી કે સીસીટીવી કેમેરા જોયેલ નથી અને સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, સીસીટીવી કેમેરાના કુટેજ મોબાઈલમાં મોકલાવેલો જે મે અને મારી છોકરીએ જોયેલ અને આરોપીને ઓળખેલ. હું બેંકમાં નોકરીએ જાઉ પછી કોણ આવે છે અને કોણ નથી આવતુ તેની મને ખબર હોતી નથી. હિતેશભાઈ આ ફલેટમાં બનાવ બનેલ તે દિવસ પહેલી વખત આવેલા.

**૧૦.** ફરિયાદીના પતિ વિદ્યાભુશણ અરવિંદકુમાર જયસ્વાલના પુરાવાથી ફરિયાદીના પુરાવાને સમર્થન મળે છે અને ફરિયાદી તેની પત્નીએ જે વાત કરેલ તે હકીકત પોતાના પુરાવામાં જણાવે છે અને ઉલટતપાસ દરમ્યાન એવો પુરાવો આપે છે કે, અમે ફરિયાદ લખાવેલ તે પહેલા આરોપીને પોલીસસ્ટેશનમાં લાવવામાં આવેલા અને મારી છોકરીએ સીસીટીવી કેમેરાના કુટેજમાં આ છોકરીને ઓળખી બતાવેલ અને કહેલ કે, આ જ છોકરો છે. ડોકટર ચોટાઈનુ પાર્કીંગ અમારા ઘરેથી પાંચ–છ ફુટ દુર છે. આરોપીનુ નામ પોલીસસ્ટેશનમાં પોલીસે બતાવેલુ.

**૧૧.** ભોગબનનારનો પુરાવો આ કામે આંક-૧૪ થી નોંધાયેલ છે તે એવો પુરાવો આપે છે કે, હું સ્કુલમાં ભણે છે. હિન્દી ગુજરાતી જાણુ છે. ભગવાનમાં માનુ છુ. ૧૧ થી ૫ નો સ્કુલનો ટાઇમ છે. મારી મમ્મી સાંજે પાંચ-છ વાગ્યા પછી આવે છે. હું ટી.વી. જોતી હતી ત્યારે દરવાજો ખખડાવેલ. મે કોણ છો? કોણ છો? એમ પુછેલ પણ અવાજ આવેલો નહી અને મને એમ થયેલ કે મારી મમ્મીનો આવવાનો સમય હોય તે કદાચ હશે. મે ફરીથી પુછેલુ પણ જવાબ આપેલો નહી. બારણુ ખોલતા બહાર ઉભેલા માણસ અંદર આવી ગયેલ તેણે મને કહેલ કે, ઘર બતાવ જેથી મે ડ્રોઇંગરૂમ અને કિચન બતાવેલ. કિચન બતાવ્યા પછી તેણે કહ્યુ કે બેડરૂમ બતાવ જેથી મે બેડરૂમ બતાવેલો અને પંખો ચાલુ હતો. પંખો ધીમો કરવાનુ કિધેલ જેથી મે કિધેલ કે, પંખો ધીમો થતો નથી જેથી તેણે કહેલ કે, તુ પાગલ છો? તેણે રૂમનુ બારણુ બંધ કરી દિધેલ. મને કપડા કાઢવાનુ કિધેલુ. મે પહેલા ટીશર્ટ કાઢેલુ. મને પેન્ટ કાઢવાનુ કહેતા મે ના પાડેલી. મારુ પેન્ટ ઉતારતુ ન હતુ તો તેણે પેન્ટ ખેંચીને કાઢી નાખેલ પછી તેણે અંદરના કપડા કાઢવાનુ કહેલ મે ટીશર્ટની નીચે ગંજી અને પેન્ટની નીચે અંડરવેર પહેરેલ હતુ. મે કાઢવાની ના પાડેલ તો તેણે મારા હાથ પકડી લીધેલો અને દબાવેલો. હું ડરી ગયેલ અને કપડા કાઢી નાખેલા અને તેણે મને પલંગ પર સુવડાવી દિધેલ અને એવુ કહેલ કે, તુ કોઇને વાત કરીશ તો તારી મમ્મીની નોકરી ચુટકીમાં જતી રહેશે. હું યુકોબેંકમાં મોટો સાહેબ છુ. થોડીવાર પછી તેણે કહેલ કે, ઉભી થા. હું કપડા પહેરતી હતી ત્યારે એવુ કિધેલ આ રૂમનો દરવાજો હંમેશા બંધ કરીને પુરી દઇશ. ફરી કિધેલ કે, આ વાત કોઇને કહીશ તો તારી મમ્મીની નોકરી એક જ ઝટકામાં જતી રહેશે. હું યુકો બેંકનો મોટો ઓફિસર છુ. હું કપડા પહેરતી હતી ત્યારે મમ્મી આવી ગયેલી. મમ્મી આવી ત્યારે હું કપડા પહેરેલ હતી. ત્યારે મમ્મી આવી ગયેલ. મમ્મી આવી ત્યારે હું રડતી હતી. મે મારી મમ્મીને વાત કરેલી જે માણસ ઘરમાં આવી ગયેલ તેને ઓળખી શકુ અને જો જાતે સામે દેખાઇ તો ડરી જાઉ પરંતુ ઓળખી શકુ. જે ટીવીમાં માણસ દેખાઇ તે જ માણસ હતો. પોલીસવાળા મારી પાસે આવેલ તેને મે આ વાત જણાવેલ. મે કોર્ટમાં જજસાહેબ પાસે પણ આ વાત કરેલ અને મને પુછીને લખાણ કરેલુ અને આંક-૧૨ થી વિ. લેડી.

મેજીસ્ટ્રેટશ્રી પાસે નિવેદનમાં એવુ લખાવેલુ છે કે, હું બીકથી સુઇ ગઇ હતી. આ સાહેદની વિસ્તૃત ઉલટતપાસ વિ.એલ.એ.ડી.સી.એ.કે.ચૌહાણનાએ કરેલ છે જેમાં તેણે એવો પુરાવો આપેલ છે કે, પોલીસે મારૂ નિવેદન લીધેલુ ત્યારે મમ્મી-પપ્પા સાથે હતા. પુછપરછ કરી ત્યારે કેમેરો હતો. વિડીયો રેર્કોડીંગ થતુ હતુ. ઘરની ચાવી હું સ્કુલે લઇને જાઉ છુ. વ્હાઇટ કલરનુ ટીશર્ટ અને બ્લુ કલરનુ જીન્સ બનાવ બન્યો ત્યારે પહેરેલ હતુ. બનાવ વખતે વેકેશન હતુ જેથી હું ઘરે હતી. મે આવેલો માણસ કેવો હતો, કેવો દેખાતો હતો તેવુ મે મારી મમ્મીને કિધેલુ. મે ઘણી વખત પોલીસસ્ટેશન જોયેલ છે. પિકચરમાં પણ જોયેલ છે. સોમનાથ જવાના રસ્તે પણ પોલીસસ્ટેશન જોયુ છે અને રૂબરૂમાં પણ પોલીસસ્ટેશન જોયુ છે. આમ, આ સાહેદ પોલીસસ્ટેશને ગયા હોય અને તેનુ નિવેદન લેવામાં આવેલુ ત્યારે વિડીયો રેર્કોડીંગ કરવામાં આવેલુ અને બનાવ સમયે તેણે વ્હાઇટ કલરનુ ટીશર્ટ, બ્લુકલરનુ જીન્સ પહેરેલ હતુ તેવુ ઉલટતપાસમા પણ સાબીત થાય છે. સાહેદની પુછપરછ કરેલી ત્યારે તેના મમ્મી-પપ્પા સાથે હતા તેના કારણે આ સાહેદની જુબાની શંકાસ્પદ ગણી શકાય નહી. કારણ કે, જયારે બાળકનુ નિવેદન લેવાનુ હોય ત્યારે તેનામાં વિશ્વાસ ઉત્પન્ન થાય તે માટે તેના મમ્મી-પપ્પાનુ સાથે હોવુ જરૂરી છે. આ સાહેદના નિવેદનનુ વિડીયો રેર્કોડીંગ પણ કરવામાં આવેલ છે અને જેથી તેના મમ્મીએ પોલીસ રૂબરૂમાં નિવેદન લખાવેલુ હોય તેવો બચાવ પણ માની શકાય તેમ નથી. મને હોસ્પીટલ લઇ ગયા ત્યારે ડોકટરશ્રીએ મારા મમ્મી-પપ્પા સાથે વાત કરેલી. મે આ અજાણ્યા માણસને સ્ટીલના ગ્લાસમાં પાણી આપેલુ. પોલીસને મે ગ્લાસ બતાવેલો. અમારા ફલેટમાં ત્રણ માળ છે. અમારા ફલેટમાં બીજા કોણ કોણ રહે છે તેના નામની મને ખબર નથી. અમારા ફલેટમાં મારા જેવડુ કોઇ છોકરુ નથી અને જજસાહેબને મે કિધેલુ તે લખેલ કે મમ્મી-પપ્પાએ કિધેલ તે લખેલુ તેની મને ખબર નથી. અત્યારે મે જે વાત કરેલી (જુબાની આપેલી) તે વાત મે અગાઉ કોર્ટમાં કરેલી. આજે મે જે માણસને કોર્ટમાં ઓળખી બતાવેલ તે માણસને મે આજે બીજીવાર જોયેલ છે.

**૧૧.૧** આમ, આ સાહેદના પુરાવા પરથી ઉલટતપાસમાં પણ આરોપીને ઓળખી બતાવે છે અને અગાઉ તેણે આરોપીને બનાવ સમયે જોયેલ અને આજરોજ

કોર્ટમાં જોયેલ તેવો પુરાવો આપે છે અને અગાઉ જજસાહેબને પણ આ બાળકે સરતપાસમાં જે હકીકત જણાવેલ છે તે મુજબની હકીકત જણાવેલ હોય તેમ સાબીત થાય છે. આરોપીએ ઉલટતપાસમાં એવો બચાવ લીધેલ છે કે, તેના મમ્મી–પપ્પા શીખવાડે તે પ્રમાણે છોકરી બોલે છે તે અંગે તેઓને સવાલ પુછેલ તેમાં તેવો પુરાવો આપે છે કે, મને મારા મમ્મી–પપ્પા બોલે તે જ હું કરુ છુ. મારા મમ્મી–પપ્પાએ કહે તે જ પ્રમાણે કહુ છુ. આરોપીના વિ.વ.શ્રીની દલીલ છે કે, આ જે સાહેદ પુરાવો આપે છે તે તેના મમ્મી–પપ્પાએ કહ્યુ તે જ પ્રમાણેનો આપે છે આવો બનાવ બનેલ નથી પરંતુ આ સંબંધે સ્પટષ્તા માટે આ સાહેદને એવો સવાલ પુછવામાં આવેલ છે કે, અત્યારે તુ તારા મમ્મી–પપ્પાએ કીધુ તે જ પ્રમાણેનો પુરાવો આપે છે આવો બનાવ બનેલ નથી. મે મારા મમ્મી–પપ્પાએ કહેલ અને તે પ્રમાણે હું કહુ છુ. આમ, આ સાહેદ મારા મ્મ્મી–પપ્પાને જે પ્રમાણેનો બનાવ બનેલ તે મુજબની હકીકત પોતાના પુરાવામાં જણાવે છે અને આ સાહેદે વધુમાં એવુ જણાવેલ છે કે, હું જે કહુ છુ તે સાચુ કહુ છુ અને જરાય ખોટુ બોલતી નથી.

**૧૨.** સાહેદ હિતેશકુમાર હિંમતલાલ ચુડાસમાંનો પુરાવો આંક–૩૦ થી રજુ થયેલ છે જેમાં તે એવો પુરાવો આપે છે કે, વિદ્યાભુશન મારા મિત્ર છે. તા.૨૯.૦૪.૨૦૨૫ ના રો જ તેનો ફોન આવેલો. હું તેના ઘરે ગયેલ ત્યારે તેની પત્ની અને દિકરીએ રડતા રડતા મને એવુ જણાવેલુ કે, છોકરીને ઘર દેખાડવાનુ કહેલ અને બેડરૂમમાં લઇ ગયેલા. છોકરીના કપડા કાઢેલા છોકરીનુ પેન્ટ નીકળતુ ન હતુ તો આરોપીએ ખેંચેલ અને આ દરમ્યાન કોઇનો ફોન તેના ઉપર આવેલ તેની સાથે વાત કરી છોકરીને કપડા પહેરવાનુ કહેલુ અને જતા જતા એવુ કહેલ કે, આ વાત કોઇને કહીશ તો તારી મમ્મીની નોકરી જતી રહેશે. મે આજુબાજુના સીસીટીવી તપાસેલા. ડોકટરશ્રી ચોટાઇના પાર્કીંગમાં આવેલ સીસીટીવી કેમેરા તપાસેલા તેમાં અજાણ્યે શખ્શ જણાવેલ જેનુ નામ આદીલ છે તેવુ તપાસ કરતા જાણવા મળેલુ. છોકરીને સીસીટીવી કેમેરામાં બતાવતા તેણે કહેલ કે, આ જ છોકરો છે જેથી પોલીસમાં ફરિયાદ આપેલી. મે વિડીયો ફુટેજમાં અને પોલીસસ્ટેશનમાં જોયેલ આરોપી આજરોજ છે તે જ છે. આ સાહેદની વિસ્તૃત ઉલટતપાસ આરોપીના વિ.વ.શ્રીએ કરેલ છે તેમાં એવુ

જણાવે છે કે, મારા ઘરેથી બનાવવાળુ સ્થળે પહોંચતા પાંચ–સાત મીનીટ થયેલી. હું આરોપીની તપાસ કરવા માટે સીસીટીવી કેમેરા જોવા માટે ડોકટરશ્રી ચોટાઇને ત્યાં ગયેલ. મે મારા મોબાઇલમાં સ્ક્રીન પર ચાલતુ હતુ તેનુ શુટીંગ કરેલુ જે મારા ઓળખીતાને બતાવેલુ. હું પોલીસસ્ટેશનમાં તેની સાથે ગયેલ અને એ હકીકતનો ઇન્કાર કરે છે કે, વિદ્યાભુશન તેના ખાસ મિત્ર હોય તેને બચાવવા ખોટી જુબાની આપુ છુ.

**૧૩.** આંક–૨૪ થી ડો.વિનોદકુમાર રમેશચંદ્ર ભંભાણીનો પુરાવો રજુ થયેલ છે. તેણે એવો પુરાવો આપેલ છે કે, ભોગબનનારની હિસ્ટ્રી તેની માતાએ આપેલ જે મુજબ કોઇ અજાણ્યે વ્યકિત ઘરે આવી પાણી માંગેલ. કપડા ઉતારવાનુ કહી ભોગબનનાર બાળકને સુવા માટે જણાવેલ. મે તેને તપાસી નમુના લીધેલા. સીલ કરી મોકલી આપેલા અને સર્ટીફીકેટ આપેલુ. જે આંક–૨૭ અને આંક–૨૮ થી રજુ કરેલ છે. આરોપીને પણ તપાસેલ તેના નમુના લીધેલા.

**૧૪.** આંક–૧૭ થી આરોપીને અટક કર્યાના પંચ હરેશભાઇ કરશનભાઇ વાજાનો પુરાવો રજુ છે. તે એવો પુરાવો આપે છે કે, છએક મહીના પહેલા મારી હાજરીમાં પોલીસસ્ટેશનમાં આદીલ નામના માણસને પોલીસે અટક કરેલ તેણે હોન્ડા મોટરસાઇકલ અને મોબાઇલ રજુ કરેલ જે કબજે કરેલ જે મને બતાવવામાં આવે તો હું ઓળખી શકુ. આંક–૧૮ વાળા પંચનામાના પંચ પોતાની સહી ઓળખી બતાવે છે. આમ, આંક–૧૮ વાળા પંચનામાની હકીકત આ સાહેદના પુરાવાથી સાબીત થાય છે. બનાવવાળી જગ્યાના પંચ રમેશભાઇ મેરામણભાઇ પરમાર આંક–૧૫ થી એવો પુરાવો આપે છે કે, હું પહોંચ્યો ત્યારે પંચ પરબતભાઇ મસરીભાઇ આવેલ પોલીસને શ્રવેતામેડમની છોકરી સાથે જે જગ્યાએ બનાવ બનેલ તે ફલેટમાં આવેલ રૂમ બતાવેલ. મારી હાજરીમાં લખાણ કરેલુ. વિડીયોગ્રાફી કરેલી અને પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે. તેમજ બીજા પંચ પણ પોતાની સહી ઓળખી બતાવે છે. જે આંક–૧૬ થી રજુ થયેલ છે. ઉલટતપાસમાં એવો પુરાવો આપે છે કે, અડધો કલાક જેવો સમય થયો હશે અને એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે, તે કોઇ જગ્યાએ ગયેલ નથી. મેડમના કહેવાથી હું પંચમાં રહેલ.

**૧૫.** આંક–૧૯ થી ફરહાન ઈબ્રાહીમભાઈ પીખોરનો પુરાવો નોંધવામાં આવેલ છે તે એવો પુરાવો આપે છે કે, કાગળમાં શું લખેલુ તેની મને ખબર નથી. આમ, સહી સીવાઈની કોઈ હકીકત તેઓ જણાવતા નથી અને ભોગબનનારના કપડા કબજે કર્યાની હકીકતને સમર્થન કરતા નથી.

**૧૬.** આંક–૨૨ થી અમીન હનીફભાઈ કાબાવલીયા મુદામાલ કબજે કર્યાના પંચ છે તેઓ એવો પુરાવો આપે છે કે, વેરાવળ પોલીસસ્ટેશનના મને એક પેનડ્રાઈવ બતાવેલ અને વિડીયો બતાવેલો. વિડીયોમાં એક શટર જેવુ દેખાતુ હતુ. માણસ જોયેલ નહી. પેનડ્રાઈવ અને પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે. આમ, આંક–૨૩ ના પંચનામા મુજબ પેનડ્રાઈવ કબજે કરવામાં આવેલ તેટલી હકીકત ફલીત થાય છે. અન્ય કોઈ હકીકત ફલીત થતી નથી.

**૧૭.** આંક–૩૧ થી ત.ક.અધિકારી કાજલબેન રણમણભાઈ સુવાનો પુરાવો રજુ થયેલ છે. તેઓએ એવો પુરાવો આપેલ છે કે, હું તા.૩૦.૦૪.૨૦૨૫ ના રોજ વેરાવળ સીટી પોલીસસ્ટેશનમાં પી.આઈ. તરીકે ફરજ બજાવતી હતી ત્યારે ફરિયાદીએ પોતાની ફરિયાદમાં જે હકીકત જણાવેલ તે મુજબની ફરિયાદ હકીકત પોતાના પુરાવામાં જણાવે છે. ડેપ્યુટ હુકમ આંક–૩૨ થી રજુ કરેલ છે. આરોપીને અટક કર્યાનુ પંચનામુ કરેલ તે રજુ કરેલ છે અને ભોગબનનારનુ મેજીસ્ટ્રેટશ્રી સાહેબ રૂબરૂ નિવેદન લેવડાવેલ. ભોગબનનારની સ્કુલને જન્મતારીખ સંબંધે આધાર મોકલવા યાદી રેલી જે યાદી આંક–૩૩ થી રજુ કરેલ છે અને સ્કુલમાં પત્રથી લીવીંગ સર્ટીફીકેટની ખરાઈ કરી એડમીશન ફોર્મ, આધારકાર્ડ, જન્મતારીખનો દાખલો વિગેરે મોકલેલ તે રજુ કરેલ છે. મુદામાલ એફ.એસ.એલ.માં મોકલેલ તે પત્ર રજુ કરેલ છે. આ સાહેદની વિસ્તૃત ઉલટતપાસ આરોપીના વિ.વ.શ્રીએ કરેલ છે તેમાં તે એવો પુરાવો આપે છે કે, ફરિયાદી ભાડાના મકાનમાં રહે છે તે મકાન ભાડે આપ્યાની જાણ પોલીસસ્ટેશનમાં કરેલ નથી અને આ છોકરીએ સ્ટીલના ગ્લાસમાં પાણી આપેલુ જેથી ગ્લાસ કબજે કરવામાં આવેલ હોત તો પણ ફીંગરપ્રીન્ટ મળી શકે નહી જેથી કબજે કરેલ નથી. બાળકની મેડીકલ તપાસણી કરાવેલી. સીસીટીવી ફુટેજ પોલીસસ્ટેશનમાં જમા થયેલ છે અને એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, સીસીટીવીનો જે રીપોર્ટ આવેલ છે તેમાં આરોપીની ઓળખ થયેલ

નથી. સીસીટીવી ફુટેજનો એફ.એસ.એલ. રીપોર્ટ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે, તેમાં જે વ્યકિત દેખાઇ છે તે વ્યકિત અસ્પષ્ટ દેખાઇ છે તે જ વ્યકિત છે કે કેમ તે અંગે ચોકકસ અભિપ્રાય આપી શકાય નહી તેવુ લખેલ છે. જે એફ.એસ.એલ. રીપોર્ટ આંક–૩૮ થી રજુ થયેલ છે અને એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ફરિયાદીના કહેવા મુજબ નિવેદન લખી લીધેલા.

**૧૮.** સમગ્ર રીતે પુરાવાનુ મુલ્યાંકન કરતા એ હકીકત ફલીત થાય છે કે, ફરિયાદી અને તેના પતિ નોકરી કરે છે. ફરિયાદી યુકોબેંકમાં વેરાવળ ખાતે નોકરી કરે છે અને તેના પતિ દિવ મુકામે બેંકમાં નોકરી કરે છે. ફરિયાદીની ભોગબનનાર દિકરીની જન્મતારીખ ૧૬.૧૨.૨૦૧૬ ની છે અને ઉ.વ. ૮ ની છે તેવુ ફરિયાદી, ભોગબનનાર અને ભોગબનનારના પિતાના પુરાવા પરથી તેમજ આધારકાર્ડની નકલ તેમજ સ્કુલ દ્વારા તપાસ કરનાર અમલદારે મોકલાવેલ દસ્તાવેજો પરથી ફલીત થાય છે. આમ, બનાવ સમયે ભોગબનનારની ઉંમર ૮ વર્ષ અને ૪ માસની હતી તેવુ સાબીત થાય છે. ભોગબનનારના પુરાવા પરથી તેમજ ભોગબનનારે વિ. મેજીસ્ટ્રેટશ્રી સાહેબ સમક્ષ આપેલ આંક–૧૨ ના નિવેદન મુજબ ભોગબનનાર ઘરે એકલી હતી ત્યારે કોઈક અજાણ્યો માણસ આવેલ. વારંવાર બારણુ ખખડાવેલ અને બારણુ ખોલતા ઘરમાં આવી ગયેલ અને ઘર બતાવવાનુ કહી ઘરમાં ગયેલ અને બેડરૂમમાં લઈ જઈ કપડા કાઢવાનુ કહી ઉપરના અને નીચેના તમામ કપડા કઢાવેલ અને શેટી પર સુવડાવી દિધેલ અને તે દરમ્યાન કોઈકનો ફોન આવતા તેની સાથે વાત કરી તે જતો રહેલ અને થોડીવારમાં ભોગબનનારની માતા/ફરિયાદી આવી જતા છોકરી ગભરાયેલી હતી અને રડતી હતી અને બનાવ વિશે તેણે વાત કરેલી અને ધમકી આપેલી કે તુ આ વાત કોઈને કરીશ તો તારા મમ્મીની નોકરી ચુટકીમાં જતી રહેશે. હું બેંકનો મોટો અધિકારી છુ. અને આ બનાવવાળી જગ્યા ફરિયાદીનો જ ફલેટ છે તે પંચનામુ જે આંક–૧૬ થી રજુ થયેલ છે તે આંક–૧૫ ના પુરાવાથી સાબીત થાય છે.

**<u>॥ આરોપીની ઓળખ વિશે ॥</u>**

**૧૯.** આરોપીને નજરે જોનાર ભોગબનનાર સીવાઈ કોઈ સાહેદ નથી. ભોગબનનારે આરોપીને પોતાના પુરાવામાં વુનરેબલ વિટનેસ સેન્ટરમાં ટીવી સ્ક્રીન ઉપર

બતાવતા ઓળખી બતાવેલ છે. એવો પણ પુરાવો આપેલ છે કે, જો આ વ્યકિત મારી સામે જાતે હાજર હોય તો હું ડરી જાઉ. આમ, ભોગબનનારના ખુદના પુરાવા પરથી આરોપીની ઓળખ પ્રસ્થાપિત થાય છે. ભોગબનનાર બાળકનો પુરાવો વિશ્વસનીય જણાય છે અને આ ઓળખમાં કોઇ શંકા ઉત્પન્ન થાય તેવી કોઇ હકીકત પુરાવામાં આવેલી નથી. આરોપીને અટક કરતા પહેલા આજ વ્યકિત છે કે કેમ તેની ખરાઇ કરવામાં આવેલી છે અને ભોગબનનારના ફલેટથી પાંચ–છ ફુટ દુર ડોકટરશ્રી ચોટાઇનુ દવાખાનુ આવેલુ છે. ત્યાં સીસીટીવી કેમેરા લાગેલ છે તે સીસીટીવી કેમેરા હિતેશકુમાર હિંમતલાલ ચુડાસમાં નામના સાહેદે ચેક કરેલા. જે સીસીટીવી ફુટેજ વિડીયો તેણે મોબાઇલમાં ઉતારેલ.તે ભોગબનનાર બાળકને બતાવેલ તેમાં ભોગબનનાર બાળકે આરોપીને ઓળખી બતાવેલો. ત્યારબાદ પોલીસમાં ફરિયાદ આપવામાં આવેલ છે અને પોલીસસ્ટેશનમાં પણ આરોપીને ઓળખી બતાવેલ છે. આ સીસીટીવી ફુટેજના એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ તે રીપોર્ટ ઉલટતપાસમા રીફર થયેલ છે. તેમાં તપાસ કરનાર અમલદારે એવો પુરાવો આપેલ છે કે, આ ફોટોગ્રાફસ પરથી આ જ વ્યકિત છે તેવુ ચોકકસપણે કહી શકાય નહી. એફ.એસ.એલ.નો રીપોર્ટની સાથે હાલના આરોપીનો ફોટો મોકલવેલો. પેનડ્રાઇવમાં કોઇ છેડછાડ કરવામાં આવેલ નથી તેવી હકીકત જણાવેલી છે અને એફ.એસ.એલ.ના અધિકારીએ જે રીપોર્ટ રજુ કરેલ છે તેના અભિપ્રાય મુજબ શંકાસ્પદ વ્યકિતનો ચહેરો અસ્પષ્ટ જોવા મળેલ તેમજ તે વ્યકિતનો ચહેરો સામેની (મોઢા)ની તરફનો જોઇ શકાતો નથી જેથી તે વ્યકિત છે કે કેમ તે ચોકકસ અભિપ્રાય આપી શકાય તેમ નથી. આમ, એફ.એસ.એલ.ના રીપોર્ટ મુજબ આ વ્યકિત ચોકકસ તે જ વ્યકિત છે કે કેમ તે સાબીત થતુ નથી પરંતુ જે સીસીટીવી ફુટેજ રજુ થયેલ છે અને તેમાં જે વ્યકિત દેખાઇ છે તે વ્યકિત આરોપી છે તેવુ ચોકકસપણે કહી શકાય તેવુ નથી પરંતુ ભોગબનનાર કે જેની ઉંમર આઠ વર્ષ છે તે શંકારહીત ઓળખી બતાવે છે આરોપીને ઓળખે છે તે મુજબ હાલના કેસના આરોપીને ઓળખેલ તે જ વ્યકિત છે તેવુ પ્રસ્થાપિત થાય છે. આમ, સમગ્ર રીતે આરોપીની ઓળખ પ્રસ્થાપિત થાય છે અને ફરિયાદ માંહેની હકીકત સાબીત થાય છે.

જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ-૨૦૧૨ ની કલમ-૧૧(૨) મુજબ કોઈ પણ બાળકને અથવા તેના શરીરના કોઈ અંગને પ્રદર્શન કરાવડાવે જેથી તેને તેવી વ્યકિત અથવા કોઈ અન્ય વ્યકિત દ્વારા જોવામાં આવે તો જાતિય સતામણી કરેલી કહેવાય. જેથી જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ-૨૦૧૨ ની કલમ-૧૨ તેમજ બી.એન.એસ.ની કલમ-૭૫(૧) મુજબ દોષિત ઠરે છે.

**૧૯.૧** તેમજ બાળકને કપડા ઉતારવા માટે ફરજ પાડેલ હોય અને ગુનાહિત બળનો પ્રયોગ કરી પેન્ટ ખેંચી કાઢેલ હોય તેનો જોરથી હાથ પકડી દબાવેલ હોય, સ્ત્રી પર કપડા ઉતારવાના ઈરાદાથી ગુનાહિત બળ વાપરેલ હોવાનુ સાબીત થતુ હોય બી.એન.એસ.ની કલમ-૭૬ અન્વયે દોષિત ઠરે છે.

**૧૯.૨** ભોગબનનારને આ વાત કોઈને કહેશે તો તારી મમ્મીની નોકરી જતી રહેશે તેવી ગુનાહિત ધમકી આપેલ હોય તેવુ સાબીત થતુ હોય આરોપી ભારતીય ન્યાય સંહીતાની કલમ-૩૫૧(૨) હેઠળ દોષિત ઠરે છે અને આરોપીએ ભોગબનનાર ઉપર જાતિય હુમલો કરવા ભોગબનનાર બાળકી એકલી હતી ત્યારે ઘરમાં અપપ્રવેશ કરેલ હોય ભારતીય ન્યાય સંહીતાની કલમ-૩૩૩ હેઠળ દોષિત ઠરતા હોય આરોપીને જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ-૨૦૧૨ ની કલમ-૧૨ અને ૧૮ તેમજ બી.એન.એસ.ની કલમ-૭૫(૧), ૭૬, ૩૫૧(૨), ૩૩૩ મુજબનો ગુનો સાબીત થતો હોય આરોપીને દોષિત ઠરાવી સજાના પ્રશ્ને સાંભળવા મુલતવી.

આજરોજ આ હુકમ તા.૦૬ મી, માહે-મે, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૬/૦૫/૨૦૨૬
સ્થળ : વેરાવળ.

**(જીગ્નેશ જગદિશચંદ્ર પંડ્યા)**
એડી. સેશન્સ જજ
અને ખાસ જજ (પોકસો)
ગીર સોમનાથ,વેરાવળ
કોડ નં.જીજે૦૦૭૫૬

K.R.A.

**(૨૦) : સજાના પ્રશ્ને સાંભળ્યા.**

**૨૦.૧.** આરોપી તરફે વિ. ચીફ એલ.એ.ડી.સી. સુશ્રી ડી.એમ.વ્યાસની દલીલ છે કે, નાની ઉંમર છે. મજુરીકામ કરે છે અને ઘરની જવાબદારી તેના ઉપર છે જેથી અમોને ઓછામાં ઓછી સજા કરવા વિનંતી છે.

**૨૦.૨.** ફરીયાદપક્ષે વિધ્વાન પબ્લીક પ્રોસીકયુટરશ્રી કે.ડી.વાળાની દલીલ છે કે, આરોપીએ નાની બાળકી ઉપર બળાત્કાર કરવાના ઈરાદે ઘરમાં ઘુસી ગયેલ, બાળકીના કપડા ઉતરાવેલા અને તેની માતા આવે છે તેવુ લાગતા તે ઝડપથી જતો રહેલો છે અને આવી રીતે કોઇ પણ વ્યકિત ઘરમાં ઘુસી જાય તો બહેનો બાળકોને ઘરે એકલા મુકી નોકરી અર્થે જઇ શકે નહી જેથી સખત સજા કરવા વિનંતી છે. તેમજ આરોપી ઉપર વેરાવળ પો.સ્ટે. ગુના રજી નં.૧૧૧૮૬૦૦૯૨૩૦૯૩૩/૨૦૨૩ થી ઈ.પી.કો.કલમ–૩૮૪, ૩૨૩, ૫૦૪, ૪૫૨ મુજબનો તેમજ પ્રભાસ પાટણ પો.સ્ટે. ગુના રજી નં.૧૧૧૮૬૦૦૪૨૨૦૪૫૫/૨૦૨૨ થી ઈ.પી.કો.કલમ–૩૯૪, ૩૫૪(બી),૪૫૦, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો નોંધાયેલ છે.

**૨૦.૩.** બંને પક્ષકારોના વિ.વ.શ્રીની દલીલ તથા કેસની હકીકત ધ્યાને લેતા આરોપી યુવાન છે. પરીણીત છે. આમ છતાં, આઠ વર્ષની કોમળ નાની બાળકીની માતા નોકરી પર ગયેલ હતી ત્યારે તેની એકલતાનો લાભ લઈ પોતે તેની માતાનો સાહેબ છે તેવુ જણાવી ઘરમાં પ્રવેશી ગુનાહિત કૃત્ય કરેલ છે અને બાળકની નિંવસ્ત્ર કરી ગંભીર પ્રવેશ જાતિય હુમલો કરવાનો પ્રયત્ન કરેલ છે અને જો આવા કૃત્યને હળવાશથી લેવામાં આવે તેમજ આરોપીને ઓછી સજા કરવામાં આવે તો જે સ્ત્રીઓ નોકરી, ધંધો, વ્યવસાય કરી રહેલ છે તે બાળકોને ઘરે એકલા મુકી કરી શકે નહી અને આરોપીએ જે કૃત્ય કરેલ છે તે વેરાવળ જેવા શહેરમાં ગીચ વ્યાપારી રહેણાંકી વસ્તી ધરાવતા વિસ્તારમાં કરેલ છે. તેમજ આરોપીએ અગાઉ તા.૦૧.૧૦.૨૦૨૨ ના રોજ જી.આઈ.ડી.સી.માં નોકરી કરતી આસામમાથી આવેલ બે છોકરીઓ કે જે એકલી હતી ત્યારે રૂમમાં ઘુસી જઇ છરી વડે હુમલો કરી કપડા ઉતરાવેલ અને જબરજસ્તી કરેલ અને છાતી ઉપર હાથ નાખેલો તે અંગેનો ગુનો પ્રભાસ પાટણ પો.સ્ટે. ગુના રજી નં.૧૧૧૮૬૦૦૪૨૨૦૪૫૫/૨૦૨૨ અન્વયે નોંધાયેલો છે અને જેનો સેશન્સ કેસ નં.૦૪/૨૦૨૨ થી પેન્ડીંગ છે. જેથી આરોપીની ઉપર દયા દાખવી શકાય તેમ નથી.

**૨૦.૪** સગીર વયની ભોગબનનાર બાળાને જે માનસીક યાતના સહન કરવી પડેલ છે તે બદલ ભોગબનનારને પોકસો એકટની કલમ–૩૩(૮) તથા નિયમ–૯ તેમજ ક્રિ. પ્રો. કોડની કલમ–૩૫૭(એ) અન્વયે વળતર અપાવવાનો હુકમ કરવામાં આવે ત્યારે બાળક સાથે થયેલ દુર્વ્યવહાર તથા માનસીક તથા શારીરિક હાની માનસીક આઘાત વિગેરે તત્વો ધ્યાને લઈ વળતરની રકમની ચુકવણી કરવી જોઈએ. તેમજ નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા સુઓ મોટો રીટ પીટીશન નં.૦૩/૨૦૨૩ (IN RE: RIGHT TO PRIVACY OF ADOLESCENTS WITH CRIMINAL APPEAL NO 1451 OF 2024 ) ના તા. **૨૦/૦૮/૨૦૨૪** ના ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંત તેમજ આ ચુકાદામાં આપવામાં આવેલ દિશા નિર્દેશને ધ્યાને લઈ તેમજ કમ્પનશેસન સ્કીમ ફોર વુમન વીકટીમ/સર્વાઈવર્સ ઓફ સેકસ્યુલ એસોર્ટ/અધર્સ ક્રાઈમ્સ રૂલ્સ–૨૦૧૮ ની કલમ–૮ ના તત્વો ધ્યાને લેતા તેમજ આ નિયમ હેઠળ આપેલ પરીશિષ્ટના અનુક્રમ નં.૩ મુજબ જયારે ભોગબનનારની જાતિય સતામણી કરવામાં આવેલ હોય બાળમાનસ ઉપર વિપરીત અસર પડે અને ખરાબ અનુભવની અસરમાથી બહાર આવવામાં સમય જાય અને લાંબો સમય માનસીક યાતના નાની બાળાને વેઠવી પડે તે તમામ હકીકત ધ્યાને લેતા, હાલના કામે આરોપી બાળકોને રક્ષણ આપતા અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૧૨ અને ૧૮ તેમજ બી.એન.એસ.ની કલમ–૭૫(૧), ૭૬, ૩૫૧(૨), ૩૩૩ અંગે દોષિત ઠરેલ હોય અને ભોગબનનાર જાતિય સતામણીનો ભોગ બનેલ હોય, તેવુ પુરવાર થયેલ છે. જેથી ભોગબનનારને જે મુજબ માનસીક યાતના ભોગવવી પડેલ, તે બદલ તેમજ પુન:ર્વસન માટે ભોગબનનાર બાળાને ભોગબનનારને રૂા.૧,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા એક લાખ)પુરા વળતરની રકમ ચુકવવી ન્યાયોચિત જણાય છે. તેમજ આ સ્કીમના નિયમ–૧૧(૨) મુજબ ૮૦% રકમ ફીકસ ડીપોઝીટ કરાવવી અને તે રકમ તેના ૧૮ વર્ષ પુર્ણ થાય ત્યારે તેને ચુકવવાનો હુકમ કરવામાં આવે તો તેને ઉચ્ચ અભ્યાસમાં મદદરૂપ થાય તેમ હોય વળતરની રકમ પૈકી ૮૦% રકમ રૂા.૮૦,૦૦૦/– (અંકે રૂપિયા એંશી હજાર) પુરા પુખ્ત ઉંમરની થાય ત્યાં સુધીના સમય માટે રાષ્ટ્રીયકૃત બેંકમાં ફિકસ ડિપોઝીટ કરાવવી અને વ્યાજ સહિત આ રકમ તેને પુખ્ત ઉંમરની થાય ત્યારે મળે તે રીતનો હુકમ કરવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ છે.

**૨૦.૫.** આરોપી મજુરીકામ કરતા અને આરોપી ઉપર તેના કુટુંબની જવાબદારી હોય, આરોપી ૨૫ વર્ષના હોય આરોપીને સખત કેદની સજા ફરમાવવી જરૂરી હોય, આરોપી ભોગબનનારને વળતર આપવા સક્ષમ હોય તેમ જણાતુ ન હોય આરોપી પાસેથી ભોગબનનારને વળતર ચુકવવાનો હુકમ કરવો યોગ્ય જણાતુ નથી અને વળતરની રકમ જીલ્લા કાનુની સેવા સત્તા મંડળના માધ્યમથી ચુકવવા ન્યાયોચિત જણાય છે.

**૨૦.૬.** આરોપી બાળકોને રક્ષણ આપતા અધિનિયમ-૨૦૧૨ ની કલમ-૧૨ અને ૧૮ તેમજ બી.એન.એસ.ની કલમ-૭૫(૧), ૭૬, ૩૫૧(૨), ૩૩૩ અન્વયે દોષિત ઠરેલ હોય, બી.એન.એસ.ની કલમ-૭૫(૧), ૭૬, ના તત્વોનો સમાવેશ જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ-૧૨ અને ૧૮ માં સમાવેશ થઇ જતો હોય, જાતિય ગુનાઓ બાળકોને રક્ષણ આપતા અધિનિયમ-૨૦૧૨ ની કલમ-૪૨ મુજબ ભારતીય દંડ સંહિતા અન્વયે પણ દોષિત જણાય ત્યારે બન્ને કાયદામાં જણાવેલ શિક્ષાઓની જોગવાઇઓ કે જેની માત્રા ઉચ્ચ પ્રકારની હોય, તે સજા ફરમાવી શકાય. જેથી હાલના કેસમાં બી.એન.એસ.ની કલમ-૭૬ હેઠળ ૩ વર્ષથી ઓછી નહીં સાત વર્ષ સુધી લંબાવી શકાય ત્યાં સુધીની કોઇપણ પ્રકારની શિક્ષા થઇ શકે છે. તેમજ જાતિય સતામણી કરવા બદલ બી.એન.એસ.ની કલમ-૭૫ તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ-૧૨ હેઠળ ત્રણ વર્ષ ની સખત કેદની સજાપાત્ર ઠરે છે.

**૨૦.૭** આરોપીની ઉંમર ૨૫ વર્ષ છે. અગાઉ આરોપી વિરૂધ્ધ બે ગુના નોંધાયેલા હોય તેમજ આરોપીએ અગાઉ તા.૦૧.૧૦.૨૦૨૨ ના રોજ જી.આઇ.ડી.સી.માં નોકરી કરતી આસામમાથી આવેલ બે છોકરીઓ કે જે એકલી હતી ત્યારે રૂમમાં ધુસી જઇ છરી વડે હુમલો કરી કપડા ઉતરાવેલ અને જબરજસ્તી કરેલ અને છાતી ઉપર હાથ નાખેલો તે અંગેનો ગુનો પ્રભાસ પાટણ પો.સ્ટે. ગુના રજી નં.૧૧૧૮૬૦૦૪૨૨૦૪૫૫/૨૦૨૨ અન્વયે નોંધાયેલો છે અને જેનો સેશન્સ કેસ નં.૦૪/૨૦૨૨ થી પેન્ડીંગ છે. જેથી આરોપીની ઉપર દયા દાખવી શકાય તેમ નથી. જેથી આરોપીને મહત્તમ સજા કરવી ન્યાયોચિત જણાતું હોય, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**::– આખરી હુકમ –::**

૧. દોષિત/આરોપી–**આદીલ ઉર્ફે ગાંધી અયુબ ચૌહાણ,** ઉ.વ.૨૫,ધંધો–મજુરી, રહે.વેરાવળ, જી.ગીરસોમનાથવાળાને બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૨) અન્વયે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૧૨ બી.એન.એસ.ની કલમ–૭૫(૧) મુજબ ત્રણ વર્ષની સખત કેદની સજા ફરમાવવામાં આવે છે.

૨. દોષિત/આરોપી–**આદીલ ઉર્ફે ગાંધી અયુબ ચૌહાણ,** ઉ.વ.૨૫, ધંધો–મજુરી, રે.વેરાવળ, જી.ગીરસોમનાથનાઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૨) અન્વયે બી.એન.એસ.ની કલમ–૭૬ હેઠળ સાત વર્ષની સખત કેદની સજા અને રૂા.૫૦૦૦/– દંડ ફરમાવવામાં આવે છે. દંડની રકમ ભરપાઇ કરવામાં કસુર કર્યેથી દિન–૧૦ ની વધુ સખત કેદની સજા ફરમાવવામાં આવે છે.

૩. દોષિત/આરોપી–**આદીલ ઉર્ફે ગાંધી અયુબ ચૌહાણ,** ઉ.વ.૨૫, ધંધો–મજુરી, રે.વેરાવળ, જી.ગીરસોમનાથનાઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૨) અન્વયે બી.એન.એસ.ની કલમ–૩૩૩ હેઠળ સાત વર્ષની સખત કેદની સજા અને રૂા.૫૦૦૦/– દંડ ફરમાવવામાં આવે છે. દંડની રકમ ભરપાઇ કરવામાં કસુર કર્યેથી દિન–૧૦ ની વધુ સખત કેદની સજા ફરમાવવામાં આવે છે.

૪. આ કામના આરોપીએ ઉપરોકત પેરા–૧ થી ૩ માં ફરમાવવામાં આવેલ તમામ સજા એકીસાથે ભોગવવાની રહેશે.

૫. આ કામના આરોપીએ કાચા કામના કેદી તરીકે ભોગવેલ સજા બી.એન.એસ.એસ.ની કલમ–૪૬૮ અન્વયે મજરે મળવાપાત્ર રહેશે.

૬. સદર કામે પોલીસે કબજે કરેલ મુદ્દામાલ બાબતે અગાઉ જે કોઇ હુકમ કરવામાં આવેલ હોય, તો તે કાયમ રાખવામાં આવે છે તથા અન્ય મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

**૭.** આ હુકમની એક નકલ આરોપીઓને બી.એન.એસ.એસ.ની કલમ–૪૦૪ અન્વયે વિનામુલ્યે તાત્કાલિક પુરી પાડવી.

**૮.** હુકમ મુજબ સજા વોરંટ ભરવુ.

**૯.** ભોગબનનારને જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, ૨૦૧૨ ની કલમ ૩૩(૮), જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ નિયમ–૨૦૧૨ ના નિયમ–૯ તથા બી.એન.એસ.ની કલમ–૩૯૬ ની જોગવાઈઓ તેમજ નાલ્સાની વિકટીમ કોમ્પનસેશન સ્કીમ–૨૦૧૮ ની જોગવાઈઓ હેઠળ ભોગબનનારને જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ ગીર સોમનાથ દ્વારા રૂા.૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પુરા) વળતર પેટે ચુકવવા. વળતરની રકમ પૈકી ૮૦% રકમ રૂા.૮૦,૦૦૦/– (અંકે રૂપિયા એંશી હજાર) પુરા વ્યાજ સહિત પુખ્ત ઉંમરની થાય ત્યારે તેને મળે તે રીતે અને તેટલા સમય માટે ફિકસ ડિપોઝીટ સગીર બાળાના પિતાના નામે કરાવવા હુકમ કરવામાં આવે છે. ૨૦% રકમ ભોગબનનાર સગીર વતી તેના પિતાને ચુકવી આપવી.

**૧૦.** આ હુકમની એક નકલ જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ ગીર સોમનાથને મોકલવી.

**૧૧.** આ ચૂકાદાની એક નકલ બી.એન.એસ.એસ.ની કલમ–૪૦૬ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી ગીરસોમનાથને મોકલવી.

**૧૨.** આ ચૂકાદાની એક નકલ જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ બાબતના નિયમો–૨૦૨૦ ની કલમ–૪(૧૫)(૧૦) હેઠળ ફરિયાદીને તેના સરનામે ખાનગી પત્રથી મોકલી આપવી.

આજરોજ આ હુકમ તા.૦૬ મી, માહે–મે, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૬/૦૫/૨૦૨૬
સ્થળ : વેરાવળ.

**(જીગ્નેશ જગદિશચંદ્ર પંડયા)**
એડી. સેશન્સ જજ
અને ખાસ જજ (પોકસો)
ગીર સોમનાથ,વેરાવળ
કોડ નં.જીજે૦૦૭૫૬